
# માટીની મજા

એક હતું કોઠીંબું.
તે વાડ્યે વાડ્યે દોડતું જતું હતું.
ત્યાં એક કાગડો ઊડતો ઊડતો આવ્યો.
કોઠીંબાને જોઈને કાગડાને તે ખાવાનું મન થઈ ગયું.
કાગડો જ્યાં ચાંચ લાંબી કરીને કોઠીંબાને ખાવા જાય ત્યાં તો કોઠીંબું કહે :
''બાપુ! આવી ગંદી (dirty-ડર્ટી) ચાંચે મને ન ખવાય. ક્યાંકથી પાણી લઈ ધોઈ આવો.''
કાગડો તો ચાંચ ધોવા કૂવા પાસે ગયો. જઈને કૂવાને કહે :

''કૂવા, કૂવા, કૂવાદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો પાણીડાં,
ધોઉં ચાંચૂડી
ખાઉં કોઠીંબું ,
બહુક બહુક લાગે.''



કૂવો કહે : ''પાણી જોઈતું હોય તો કુંભાર (potter-પોટર) ને ત્યાંથી ઘડુલો (pot-પોટ) લઈને આવ ને પાણી સીંચી લે.'' કાગડો તો ઊડતો-ઊડતો કુંભારવાડે ગયો. જઈને કુંભારને કહે :





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

"કુંભાર, કુંભાર, કુંભારદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો ઘડૂલો
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે."



કુંભાર કહે :"માટી (clay-ક્લે) લાવ તો રૂપાળો ઘડૂલો ઘડી દઉં."

એટલે કાગડો ગયો ટીંબા પાસે. જઈને ટીંબાને કહે :

"ટીંબા, ટીંબા, ટીંબાદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો માટુડી
આપું કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે."

ટીંબો કહે : "મરગલાની શિંગડી (horn-હોર્ન) લઈને ખોદી લે. ના કોણ પાડે છે?"



કાગડો તો ઊડતો-ઊડતો ગયો મરગલા પાસે.

મરગલાને કહે :


"મરગ, મરગ, મરગદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો શિંગલડી,
ખોદું માટુડી,
દઉં કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે."



મરગ કહે : "મને ડરાવીને મારું શિંગડું લઈ લે; કૂતરાને બોલાવી આવ એટલે તે મને ડરાવશે ."

કાગડાભાઈ તો કૂતરા પાસે ગયા, ને કહે :

"કુત્તા, કુત્તા, કુત્તાદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
ડરાવી મરગલા,
લઉં શિંગલડી,
ખોદું માટુડી,
આપું કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે."



કૂતરો કહે : "ભાઈ! હું બહુ ભૂખ્યો છું માટે ગાયનું દૂધ (milk-મિલ્ક) લાવી દે તો દૂધ પીને હરણ ડરાવવા જાઉં."

કાગડો ગાય પાસે ગયો. જઈને કહે :

બાળકો વાર્તાની રચનાથી ઘટના ક્રમને સમજે અને માણે. તેમને સર્જનાત્મક અભિવ્યક્તિની તક પૂરી પાડો અને તેઓને પ્રવૃત્તિ તેમના હાથે કરવા પ્રોત્સાહિત કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

“ગવરી, ગવરી, ગવરીદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો દૂધલડાં,
પાઉં કુત્તલાં,
ડરાવે મરગલા,
લઉં શિંગલડી,
ખોદું માટુડી,
આપું કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે.”

ગાય કહે : “હું બહુ ભૂખી છું. મને સારી પેઠે ખડ (grass-ગ્રાસ) ખવરાવીને દૂધ દોઈ લે.”

પછી કાગડો સીમમાં ખડ લેવા ગયો. જઈને સીમને કહે :

“સીમ, સીમ, સીમદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો ખડલાં,
નીરું ગવરીને,
દોઉં દૂધલડાં,
પાઉં કુત્તલાં,
ડરાવે મરગલા,
લઉં શિંગલડી,
ખોદું માટુડી,
આપું કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે.”

સીમ કહે : “ભાઈ લુહાર (blacksmith -બ્લેકસ્મિથ) ને ત્યાંથી દાતરડું લઈ આવ અને ખડ વાઢી લે.”

કાગડો તો લુહાર પાસે ગયો. જઈને લુહારને કહે:

“લુહાર, લુહાર, લુહારદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો દાતરડાં,
વાઢું ખડલાં,
નીરું ગવરીને,
દોઉં દૂધલડાં,
પાઉં કુત્તલાં,
ડરાવે મરગલા,
લઉં શિંગલડી,
ખોદું માટુડી,
દઉં કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક લાગે.”

લુહાર કહે : “લે આ દાતરડું.”

કાગડો દાતરડું લઈને સીમમાં ગયો; ત્યાંથી ખડ લઈને ગાયને ખવરાવ્યું ને પછી દૂધ લઈને કૂતરાને પાયું; કૂતરો મરગલાને ડરાવવા દોડ્યો એટલે તેણે શિંગડું આપી દીધું; કાગડે શિંગડું લઈ ટીંબેથી માટી લીધી અને કુંભાર પાસેથી ઘડૂલો લીધો, પછી કૂવામાંથી પાણી કાઢીને પોતાની ચાંચ ધોઈ નાખીને કોઠીંબું ખાધું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિચારો અને લખો :

❇ કાગડાને ઘડો શા માટે જોઈતો હતો ?

❇ કાગડાને ઘડો બનાવવા કોણે-કોણે મદદ કરી ?


❇ કુંભારને ઘડો બનાવવા કઈ-કઈ ચીજવસ્તુઓની જરૂર પડી ?

❇ શું તમારા ઘરે માટીમાંથી બનાવેલાં વાસણો છે ? કયાં-કયાં છે ?

તમને જો કોઈ માટી આપે તો તમે માટીમાંથી વાસણો બનાવી શકો ?

## માટીની વાટકી :


માટી ભીની કરો. તેમાંથી મોટો પીંડ બનાવો. તમારા અંગૂઠાનો ઉપયોગ કરી પીંડને વચ્ચેથી દબાવી ખાડો બનાવો. હવે તે વાટકી જેવું લાગશે. તેને સુકાવા દો. પછી તેને સજાવો. તમને જે વસ્તુઓ પસંદ હોય તે વાટકીમાં મૂકો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ❊ માટીમાંથી કટોરો




માટીમાં પાણી ઉમેરી ગૂંદો બનાવો. પાણી સાથે ભેળવેલી થોડી માટી બાજુ પર રાખો. તે બે ગૂંદેલી માટીને જોડવા ગુંદર જેવું કામ કરશે.

થોડી ગૂંદેલી માટી લો અને રોટલીની જેમ પાતળી વણો. એ કટોરાનું તળિયું થશે. બાકી વધેલી માટીનો ભાગ સાપની જેમ વણો. ચિત્રમાં બતાવ્યા મુજબ ઘડો બનાવવા આ માટીના બનાવેલ સાપને તળિયા સાથે ચોંટાડો.

## વિચારો અને કહો :

### ❊ માટીનો ઘડો



- ❊ તમે આ ઘડામાં આખી રાત પાણી ભરી રાખશો તો શું થશે ?
- ❊ આપણે શાળામાં અને ઘરમાં માટીના ઘડામાં પાણી રાખીએ છીએ. આ ઘડા પાણીથી કેમ બગડી જતા નથી ?
- ❊ તમે ઈંટો (bricks-બ્રિક્સ) કે ઘડાને ભઠ્ઠી (kiln-કિલ્ન) માં શેકાતા જોયાં છે ?

---

જ્યારે માટીમાંથી ઘડા બનાવતા હોય ત્યારે બાળકોનાં કપડાં ગંદાં થશે, પરંતુ તેઓને 'પ્રવૃત્તિ' દ્વારા શીખવામાં મજા આવશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

❋ પહેલાં ઘડા ન હતા, ત્યારે પાણી ભરવા સૌ શું કરતા હશે ?

## વિચારો અને લખો :

❋ દુનિયામાંથી બધા ઘડા ગાયબ થઈ જાય તો...

## શું તમે જાણો છો ?

વર્ષો પહેલાં એવો સમય હતો જ્યારે લોકો પાસે ઘડા ન હતા. તેઓએ ખોરાક રાંધવાનું અને સંગ્રહ કરવાનું ચાલુ કર્યું. ઘણા પ્રયત્નો અને વિચારો પછી લોકો ઘડા બનાવતા શીખ્યા. શરૂઆતમાં ઘડા પથ્થરો અને માટીમાંથી બનાવાયા હતા. લોકોએ પથ્થરમાંથી ઘડા ખોદકામ કરીને અને પથ્થરને હાથ વડે કોતરીને બનાવ્યા. તેઓએ માટીના ઘડા, માટી ભીની કરી તેના પીંડને હાથ વડે આકાર આપી બનાવ્યા. લોકોએ એવું પણ શોધી કાઢ્યું કે, માટીના ઘડાને સખત બનાવવા આગ (fire-ફાયર) માં પકવી શકાય.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in